# વિશ્વ હિન્દુ પરીષદ અને બજરંગ દળ દ્વારા જનમાષ્ટમી નિમિત્તે ભવ્ય શોભાયાત્રા નીકળી



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા, તા. ૧૧

ડીસા શહેરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ વિશ્વ હિન્દુ પરીષદ તેમજ બજરંગદળ દ્વારા ભગવાન શ્રીકૃષ્ણની શોભાયાત્રાનું ભારે ઉલ્લાસભેર આયોજન કરવામાં આવ્યું હતું.

આજરોજ શ્રાવણ વદ આઠમના ભગવાન શ્રી કૃષ્ણનો જન્મદિન હોવાથી આજરોજ ડીસાના રીસાલા બજારથી ભગવાન શ્રી કૃષ્ણની ભવ્ય શોભાયાત્રા નીકાળવામાં આવી હતી. આ શોભાયાત્રા રીસાલા બજારથી નીકળી, હીરાબજાર, એ.સી.ડબલ્યુ. સ્કુલ, અંબીકા ચોક, લાયન્સ હોલ, સરદાર બાગ, મેઈન બજાર, સોની બજાર, જુની જેલ, રામજી મંદીરથી રીસાલા મંદીર પરત ફરી હતી. આ શોભાયાત્રામાં ધોડા, બેન્ડવાજા, ઢોલ-નગારા, ઊંટ લારીઓ, તેમજ નાના નાના બાળકો દ્વારા વિવિધ વેશભુષા ધારણ કરી હતી અને સાથે સાથે બજરંગદળના કાર્યકરો દ્વારા અંગ કશરતના વિવિધ દાવો રજુ કર્યા હતા. તેમજ શહેરમાં બાંધવામાં આવેલી મટકીઓ ફોડીને 'નંદ ઘેરા નંદ ભયો જય કનૈયા લાલ કી...', 'જય રણછોડ માખણ ચોર' જેવા





બુલંદ અવાજથી સમગ્ર વાતાવરણ શ્રી કૃષ્ણમય બની ગયું હતું. જેમાં અવનવા કરતબો સાથે લોધા યુવક મંડળ દ્વારા શહેર ભરમાં આવેલ મટકીઓ ફોડી જન્માષ્ટમીની ઉજવણી કરાઇ હતી.

આ શોભાયાત્રાની અંદર ભગવાન શ્રી કૃષ્ણના રથે ભવ્ય આકર્ષણ જમાવ્યું હતું. આ શોભાયાત્રામાં વિશ્વ હિન્દુ પરીષદના ભગવાનભાઈ ચડોખીયા, હેમજીભાઈ ઠાકોર, કિશન ગુરનાની, લીચ્છુભાઈ અગ્રવાલ, ડાૅ. સુરેશભાઈ ગુપ્તા, મહેન્દ્રભાઈ માળી તેમજ બજરંગદળના પ્રમુખ કલ્પેશભાઈ રાજપુત, રાહુલ મહેશ્વરી, જયશેભાઈ સોની સહીત અન્ય બજરંગદળના કાર્યકરો તેમજ રાજકીય અગ્રણીઓ અને વિવિધ સંસ્થાના હોદેદારો મોટી સંખ્યામાં આ શોભાયાત્રામાં જોડાયા હતા તેમજ આ શોભાયાત્રાનુ ઠેરઠેર સ્વાગત કરવામાં આવ્યું હતું.

જ્યારે આજે જન્માષ્ટી નીમીતે પાલનપુર શહેરમાંથી ભગવાન શ્રી કૃષ્ણ કનૈયાની ભવ્ય શોભાયાત્રા ભારે દબદબા ભેર કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રા શહેરના રાજમાર્ગો પરથી પસાર થતાં ઠેરઠેર આ શોભાયાત્રાનું ભાવભર્યું સ્વાગત કરાયુ હતું. આ શોભાયાત્રામાં અનેક ઝાંખીઓઅને ભક્તજનો દ્વારા ડી.જે. મ્યુંઝીક તાલે અનેક કરતબો બતાવી મટકીફોટના દ્રશ્ય જોવા માટે લોકોના ટોળે-ટોળા ઉમટી પડ્યા હતા. વીશ્વ હીન્દુ પરીષદ દ્વારા નીકળેલી આ શોભાયાત્રામાં શહેરના લબ્ધપ્રતિસ્થિત આગેવાનો જોડાયા હતા. આજના આ ધાર્મીક પર્વમાં પાલનપુર શહેરના મુસ્લિમ બિરાદરોએ પણ શોભાયાત્રાનું સ્વાગત કરી ઉત્સવમાં ભાઈચારાની લાગણીએ ભાગ લીધો હતો.

## શામળાજી મંદિરના દર્શને આવેલા દર્શનાર્થીની કાર ચોરાઈ

હિંમતનગર, તા.૧૧

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના પ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી ખાતે શુક્રવારના રોજ ગાંધીનગર જિલ્લાના કલોલના માનવ મંદિર હાઉસિંગ સોસાયટીમાં રહેતા તપનકુમાર રંજનભાઈ પરમાર (વણકર) પોતાના પરિવાર સાથે જન્માષ્ટમી નિમિત્તે દર્શન માટે આવેલા હતા. દરમિયાન શામળાજીના બસ સ્ટેન્ડ પાસે તેની સ્વીફટ કાર કિંમત રૂ. સાડા ત્રણ લાખની નંબર જીજે-કેબી-૬૭૧૩ સાંજે ૪.૧૫ વાગે પાર્ક કરીને દર્શન માટે મંદિરમાં ગયેલા અને દર્શન કરી પરત ૬.૩૦ વાગે આવતા તેમની કાર ત્યાં ન હતી અને આજુબાજુમાં કારની શોધખોળ કરી હતી પરંતુ ન મળતા તપનકુમાર પરમારે શામળાજી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

## માલપુરમાં પરણિતાએ બાળકી સાથે અગન પિછોડી ઓઢી

હિંમતનગર, તા.૧૧

સાબરકાંઠા જિલ્લાના માલપુરના ચમારવાસમાં ગુરુવારના રોજ બપોરે પરણીતા જાતે કેરોસીન છાંટી અગ્નિસ્નાન કરી લેતા પતિ સહીત ત્રણ સાસરિયા વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે.

પી.એસ.આઈ. ડી.જે. ઝાલાએ જણાવેલ કે માલપુરના ચમારવાસમાં ૯મી ઓગષ્ટને ગુરુવારના રોજ બપોરના સુમારે ૩૨ વર્ષીય રંજન ઉર્ફે રેલીબેનએ પોતાની એક વર્ષીય દીકરી ગુડ્ડીને લઈ જાતે કેરોસીન છાંટી ઘરમાં આગ લગાવી અગ્નિસ્નાન કરી લીધું હતું. પરણીતા રંજનને પતિ મુકેશ ઘરનો સામાન લઈ આપતો નહી અને અવારનવાર માનસિક ત્રાસ આપી મારઝૂડ કરતા હતા જેથી મૃત પરણીતા રંજનના મેઘરજ તાલુકાના ભૂતિયા રામગઢ ગામના ભાઈ ભીખાભાઈ હીરાભાઈ પરમારની ફરિયાદ આધારે પતિ મુકેશ ઉર્ફે લાલાભાઈ વેચાતભાઈ ચમાર, વેચાતભાઈ મુળાભાઈ ચમાર અને કાલીબેન બાબુભાઈ ચમાર વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા ઈપીકો કલમ ૪૯૮ (ક), ૩૦૬, ૧૩૫ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## હિંમતનગરના જૂની પુરાલ ગામના ઈસમની લાશ કુવામાંથી મળી

હિંમતનગર, તા.૧૧

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના જૂની પુરાલ ગામનો ઈસમ બે દિવસ પહેલા ગુમ થયેલ જેની લાશ શનિવારના રોજ સવારે કુવામાંથી મળી આવતા ગાંભોઈ પોલીસ મથકે જાણ કરતા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

હિંમતનગર તાલુકાના જૂની પુરાલ ગામના ૪૦ વર્ષીય રામાભાઈ કોદરભાઈ ચૌહાણ ૯મી ઓગષ્ટના રોજ ગુરુવારના રોજ ઘરે કોઈ કારણોસર તેમની પત્ની રીટા સાથે ઝગડો કરી જતા રહેલ ત્યાર બાદ તેમની તપાસ કરી હતી પરંતુ કોઈ ભાળ મળી ન હતી. દરમિયાન શનિવારની સવારે ૮ વાગેના સુમારે નરસિંહભાઈ પટેલના કુવામાંથી તેની કોહવાયેલી રામભાઈ ચૌહાણની લાશ મળી હતી. નવી પુરાલ ગામના તેમના સંબંધી ગાભાજી ધુળાજી ચૌહાણે ગાંભોઈ પોલીસને જાણ કરતા પોલીસે સ્થળ પર આવી લાશને ગાંભોઈ સીએચસી દવાખાને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપીને અકસ્માતે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# બાયડમાં વર્ષોથી ચાલતા જુગારધામ પર પોલીસે દરોડા પાડતા ગ્રામજનોમાં આશ્ચર્ય...!!!

## જુગારધામ પર પોલીસે દરોડા પાડી ૧૪ શકુનીઓ ઝડપ્યા



(તસવીર : સમીર બલોચ, બાયડ)

બાયડ, તા. ૧૧

બાયડ શહેરમાં વર્ષોથી જુના સ્ટેશન વિસ્તારમાં યુવાધન અને ગરીબ વર્ગને બરબાદીના પંથે ધકેલનાર કીરીટ બારોટના જુગારધામ ઉપર જિલ્લા ડી.વાય એસ.પી.એ રેડ પાડી શ્રાવણ માસના આઠમના દિવસે જ ૧૪ જેટલા શકુનીઓ ઝડપી પાડી હવાલાતને હવાલે કરતાં સમગ્ર દિવસ દરમ્યાન જુગાર રમતા શકુનીઓમાં ફફડાટની લાગણી ફેલાઈ ગઈ હતી.

આ અંગે પ્રાપ્ત માહીતી અનુસાર છેલ્લા કેટલાય વર્ષોથી જુગાર અને વલ્લી મટકાની રમતનો જુગાર રમાડનાર નામચીન કીરીટ બારોટનો જુગારધામ બાયડ જુના સ્ટેશન વિસ્તારમાં આવેલ પાણીની ટાંકી જોડે ચાલતા હતો અને આ જુગારધામમાં અત્યાર સુધી કઈ કેટલાય ગરીબ પરીવાર બરબાદ થયા હશે. પરંતુ આ જુગારધામ ઉપર બાયડ પોલીસ સ્ટેશનમાં કઈ કેટલાય પી.એસ.આઈ આવ્યા અને કઈ કેટલાય પી.એસ.આઈ. ગયા. પરંતુ આજ સુધી આ જુગારધામનો અડ્ડો ચલાવનાર મુખ્ય સુત્રધાર કીરીટ બારોટના નામે કાલ સુધી બાયડ પોલીસ સ્ટેશનમાં કોઈ કેસ નોધાયો નહોતો. હંમેશ હપ્તા લઈને સંતોષ માનનારી પોલીસને અત્યાર સુધી શું આ ખુલ્લેઆમ ચાલતો જુગારનો અડ્ડો અત્યાર સુધી દેખાયો નહોતો. બાયડ પોલીસ સ્ટેશનથી નજીકના અંતરે આવેલ આ જુગારધામને લઈને જિલ્લાની પોલીસે જાણે આંખ આડે કાન કર્યા હોય તેવુ લોકમુખે ચર્ચાઈ રહયુ હતું. જયારે ગઈકાલે આ જુગારધામની જગ્યા બદલીને બાયડ વારેણા રોડ ઉપર આવેલ એક મકાનમાં જુગાર અને વરલી મટકાનો ખેલ રમાઈ રહયો હતો. ત્યારે અચાનક જ ગઈકાલે નાયબ પોલીસ અધિક્ષકે બાયડ પોલીસને જાણ કર્યા વગર મોડાસા ટાઉન પી.એસ.આઈ. કે.જે.ચૌધરીને સાથે રાખી અચાનક જ રેડ કરતાં આ જુગારધામ ઉપર ૧૪ શકુનીઓ ઝડપી પાડયા હતા.

ત્યારે લોકમુખે એવી પણ ચર્ચા થઈ રહી છે કે આ જુગારધામ વર્ષોથી બાયડ શહેરની બદી રૂપે બાયડ પોલીસ સ્ટેશનથી નજીકના અંતરમાં ચાલતો હતો તો શું અત્યાર સુધી આ જુગારધામ દેખાયુ જ નહી હોય કે પછી પોલીસને સમયસર હપ્તો મળી જતો હશે ? આવા કેટલાયે પ્રશ્નો બાયડ નગરની જનતા મનમાં ઉદભવી રહયા છે જયારે અચાનક રેડ પાડી શ્રાવણ માસ પુરો થવા આવ્યો ત્યારે આ જુગારધામ દેખાયુ કે પછી આ વખતે પોલીસને હપ્તો નહી મળ્યો હોય એવી કેટલીય લોક અટકળો એ હાલ બાયડ માં ચર્ચા એ જોર પકડયુ છે.

પરંતુ હાલ તો બાયડની પ્રજા આ જુગારધામનો પર્દાફાશને લઈને ખુલી દેખાઈ રહી છે. છેલ્લે.. છેલ્લે... પોલીસ.. ને આંખે.. બાંધેલી..પટ્ટી ખુલી.. તો ખરી બાયડ પોલીસ સ્ટેશને કે.જે.ચૌધરીની ફરીયાદ ના આધારે ૩૦૭૭૫ રૂ. રોકડા ૫ મોબાઈલ રૂ ૭૫૦૦, બાઈક નંગ ૩ કીમત રૂ ૬૦૦૦૦ મળી કુલ ૯૦૦૦૦નો મુદ્દામાલ ઝડપી પાડયો હતો.

## ખેડબ્રહ્માના લાંબડીયાની પારસ હાઈસ્કૂલની ૧૧ વર્ષની વિદ્યાર્થીની પર છ વર્ષ પહેલા બળાત્કાર કરનારને દસ વર્ષની સજા

હિંમતનગર, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના લાંબડીયાની પારસ હાઈસ્કૂલની વિદ્યાર્થિની સપ્ટેમ્બર-૨૦૦૬માં પરીક્ષા આપી ઘરે જતી હતી તે દરમિયાન તેના ગામના ૨૫ વર્ષીય હવસ ખોરે વિદ્યાર્થિનીને ખેચી મકાઈના ખેતરમાં લઈ ગયેલ અને તેની પર બેરહેમી પૂર્વક બળાત્કાર કર્યો હતો જે અંગેની ફરિયાદ પોશીના પોલીસ મથકમાં વિદ્યાર્થિનીના પિતાએ ફરિયાદ નોંધાવતા પોલીસે બળાત્કારનો ગુનો નોંધી આરોપીને પકડી જેલ હવાલે કરેલ જે અંગેનો કેસ ઈડરની કોર્ટમાં ચાલી જતા જજે બળાત્કારીને દસ વર્ષની કેદની સજા ફટકારી હતી.

વિગત મુજબ ખેડબ્રહ્મા તાલુકાના દેમતી વાઘરુજીયા ગામની ૧૧ વર્ષની વિદ્યાર્થિની જે લાંબડીયા ખાતે આવેલ પારસ હાઈસ્કૂલમાં ધોરણ ૬માં અભ્યાસ કરતી હતી તે ૧૯ સપ્ટેમ્બર-૨૦૦૬ના રોજ ઘરેથી વહેલી સવારે હાઈસ્કૂલમાં વિજ્ઞાનની પરીક્ષા આપવા ગયેલી જે પરીક્ષા આપી પરત ઘરે જતી હતી ત્યારે બપોરના આશરે ૧૨.૩૦ વાગેના સુમારે રસ્તામાં આ વિદ્યાર્થિનીનો એકલતાનો લાભ લઈ તેના જ ગામનો ૨૫ વર્ષીય હવસખોર કાન્તીભાઈ હોમીડાભાઈ પરમારે વિદ્યાર્થિનીને ખેંચીને આંબાના ઝાડ પાસેના મકાઈના ખેતરમાં લઈ જતી તેની પર બેરહેમીપૂર્વક બળાત્કાર ગુજારી નાસી ગયેલો. જે અંગેની પોશીના પોલીસમથકે પીડિત વિદ્યાર્થિનીના પિતા ભીખાભાઈ લુમ્બાભાઈ પરમારે ફરિયાદ નોંધાવતા પોલીસે કાન્તીભાઈ હોમીડાભાઈ પરમાર વિરૂદ્ધ બળાત્કારનો ગુનો નોંધી તેને પકડી પાડી જેલ હવાલે કરી દીધો હતો. આ અંગેનો કેસ ઈડરની કોર્ટમાં ૭મી ઓગષ્ટ-૨૦૧૨ના રોજ ચાલી ગયેલ જેમાં જિલ્લા સરકારી વકીલ પ્રયણ સોનીની ધારદાર દલીલો અને પુરાવા રજુ કરતા સાબરકાંઠા જિલ્લા અધિક સત્ર ન્યાયધીશ વી.કે. વ્યાસે આરોપી કાન્તીભાઈ હોમીડાભાઈ પરમારને તકસીરવાન ઠરાવીને દસ વર્ષની સખત કેદની સજા અને રૂ. ૨ હજારનો દંડ કર્યો હતો. અને દંડ ના ભરે તો વધુ ત્રણ મહિનાની સાદી કેદની સજા ફટકારીને સમાજમાં દાખલો બેસે અને વહેસી દરીન્દાઓની આંખ ખુલી જાય તેવું જજમેન્ટ આપ્યું હતું.

# હિંમતનગર દેના બેંકના કર્મચારીએ રજાની માંગણીથી મનમાં લાગી આવતા એસીડ પીધો

હિંમતનગર, તા.૧૧

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર શહેરમાં આવેલી દેના બેંકના કર્મચારીએ શનિવારના રોજ બેંકમાં જ એસીડ પી જતા તાત્કાલિક સારવાર માટે હિંમતનગર સિવિલમાં દાખલ કરાયો હતો. આ અંગે હિંમતનગર ટાઉન પોલીસ મથકે સિવિલના ડોકટરે જાણ કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

જમાદાર ચંદુભાઈ સોલંકી અને લીંબાભાઈ વણકરએ જણાવેલ કે હિંમતનગર શહેરના મહાવીરનગર વિસ્તારના ગાયત્રી મંદિર માર્ગ પર આવેલી સાંઈબાબા સોસાયટીમાં રહેતા અને હિંમતનગરની દેના બેંકમાં ડ્રાઈવર તરીકેની ફરજ બજાવતા હિતેન્દ્રભાઈ હરીલાલ મહેતા (ઉ.વ.૫૫) ના એ ૧૧મી ઓગષ્ટ શનિવારના રોજ સવારે બેકમાં રાબેતા મુજબ ગયેલા અને તેમણે બેંક મેનેજર પાસે એક મહિનાની રજાની માંગણી કરેલી પરંતુ મેનેજરે ૧૦ થી ૧૫ દિવસની રજા આપવાનું કહેલ જેથી હિતેન્દ્રભાઈ મહેતાને મનમાં લાગી આવતા બેંકના બાથરૂમમાં જઈ એસીડ ની બોટલ બહાર લાવી એસીડ પી ગયેલા જેથી બેંકના કર્મચારીઓ તેની તરફ દોડી ગયેલા અને હિતેન્દ્રભાઈ મહેતાને તાત્કાલિક સારવાર માટે હિંમતનગર સિવિલમાં લઈ ગયા હતા. આ અંગે સિવિલના ડોકટરએ હિંમતનગર ટાઉન પોલીસ મથકે જાણ કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.


ગાંધીનગર સમાચાર

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ચ-માર્ગ, ગાંધીનગર.

ફોન : ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

Email : jay_choly@yahoo.com • gandhinagarsamachar@yahoo.com

સાબરકાંઠા, મહેસાણા, પાટણ અને બનાસકાંઠા જિલ્લા સહિત તમામ તાલુકાના વાસીઓ તેમની પ્રેસનોટ તથા જાહેરખબર આપવા અમારા પ્રતિનિધિનો સંપર્ક કરે.

**સાબરકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| મગનજી વણઝારા | (બ્યૂરો ચીફ, સા.કાં. હિંમતનગર) | ૯૯૨૫૦૪૪૭૪૩<br>૯૩૭૪૮ ૪૪૭૧૬ |
| સમીર બલોચ | સાબરકાંઠા જિલ્લા ફોટોગ્રાફર | ૯૯૨૪૩ ૩૩૩૪૩ |
| દશરથ વણઝારા | તલોદ | ૯૬૩૮૧ ૮૮૭૯૬ |
| અલ્તાફ શેખ | મોડાસા | ૯૯૯૮૮૯૮૬૭૮ |
| જનક રાવલ | વડાલી | ૯૯૨૫૭૯૯૭૦૩ |
| કાળુસિંહ રાઠોડ | સલાલ | ૯૪૨૭૯૦૯૦૩૧ |
| જીતેન્દ્ર એલ. પટેલ | ધનસુરા | ૯૪૨૭૩૬૮૫૦૩ |
| પ્રકાશ ગઢવી | ઈડર | ૯૪૨૯૪૫૭૬૧૭ |
| રમેશભાઈ વૈષ્ણવ | ખેડબ્રહ્મા | ૯૪૨૬૨૫૯૩૬૦ |
| જયદેવભાઈ બારોટ | ખેડબ્રહ્મા | ૯૪૨૮૮૩૦૩૩૮ |
| સંજય રાવલ | પ્રાંતિજ | ૯૮૨૫૮૩૮૫૬૯ |
| કોદરસિંહ રાઠોડ | તાજપુર કેમ્પ | ૯૯૯૮૮૨૮૧૯૩ |
| મયુર ધ્વજસિંહ વાઘેલા | માણસા | ૯૮૭૯૦૯૯૯૩૩ |
| વિઠ્ઠલભાઈ સુથાર | લક્ષ્મીપુરા | ૯૪૦૮૧૨૫૧૧૫ |
| રમેશચંદ્ર ચોક્સી | શામળાજી | ૯૪૨૭૫૨૮૯૪૧ |

**મહેસાણા - બનાસકાંઠા જિલ્લામાં**

| | | |
|---|---|---|
| ગણપતભાઈ જોષી | પાલનપુર (બ્યૂરો ચીફ,બ.કાં.) | ૯૩૭૫૦૭૬૦૬૧ |
| મહેશભાઈ બારોટ | મહેસાણા/ઊંઝા (બ્યૂરો ચીફ) | ૯૯૭૯૪૦૨૫૩૩ |
| હરેશ જોષી | પાલનપુર | ૮૦૦૦૯૧૧૬૧૬ |
| કાંતિલાલ લોધા | ડીસા | ૯૮૭૯૦૧૦૦૪૭ |
| જેણુભા વાઘેલા | પાટણ | ૯૮૯૮૨૧૦૪૩૬ |



ટચૂકડી જાહેર ખબર

અઢળક નાણાં કમાઓ

વિદ્યાર્થી, ગૃહિણી, રીટાયર્ડ, અભણ, દિવસના ૨/૪ કલાક કામ કરીને ૭ દિવસના રૂ. ૬૦,૦૦૦/- સુધી કમાઓ

મો. : ૯૦૩૩૨૩૨૧૬૩

(અમૂલ્ય તક ૧૦૦%)

સાંઈ દર્શન શિરડી શનિદેવ

અમદાવાદથી દર શુક્રવારે તથા દર મંગળવારે ૨x૨ લકઝરી બસ ઉપડે છે. રહેવા-જમવા સાથે શ્રાવણ / અધિક માસમાં મહારાષ્ટ્ર પાંચ જ્યોતિર્લીંગ દર્શન

સાંઈરથ ટ્રાવેલ્સ

જીતુભાઈ

મો. : ૯૪૨૬૩ ૮૪૧૮૫

અઢળક નાણાં કમાઓ

વિદ્યાર્થી, ગૃહિણી, રીટાયર્ડ, અભણ, દિવસના ૨/૪ કલાક કામ કરીને ૭ દિવસના રૂ. ૬૦,૦૦૦/- સુધી કમાઓ

મો. : ૯૦૩૩૨૩૨૧૬૩

(અમૂલ્ય તક ૧૦૦%)



A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD

Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601



ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES

APOLLO TYRES

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

ઉપલબ્ધ સેવાઓ :

- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.

ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮



ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેકટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ • મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

• વ્હીલ એલાઈનમેન્ટ • બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) • સરકાર માન્યતા પ્રાપ્ત • અદ્યતન વર્કશોપ, બોડીકામ, • વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ • જેન્યુન પાર્ટસ • સર્વિસીંગ • ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન